## (૧) સ્કૂલ પ્રોફાઈલ સોફ્ટવેર ઈન્સ્ટોલ કરવાની પ્રક્રિયાઃ-

સૌ પ્રથમ તમારા કોમ્પ્યુટરના ડેસ્કટોપ ઉપર રાઈટ કલીક કરી તેમાં પ્રોપર્ટીસ પર કલીક કરી તેમાં આપેલ સેટીંગ્સમાં નીચે **સ્કીનનું રીઝોલ્યુશન ફરજીયાત ૧૦૨૪/૭૬૮ રાખવું. (Desktop \ Properties \ Settings – Screen Resolution as 1024 by 768 pixels)**

તમને આપેલ સી.ડી. માં આવેલ **Setup.exe** ઉપર ક્લીક કરવાથી સ્કૂલ પ્રોફાઈલ સેટઅપ સ્કીન આવશે. જેમાં ઓકે **(Ok)** ઉપર ક્લીક કરવાનું રહેશે. ત્યારબાદની સ્કીન ઉપર રહેલ કમ્પ્યુટર ના ફોટા ઉપર ક્લીક કરવાથી પ્રોગ્રામ ગ્રૃપ અને એગઝીસ્ટીંગ ગ્રૃપ જેમાં સ્કૂલ પ્રોફાઈલ પસંદ કરેલ હશે, તેની નીચે કન્ટીન્યુ **(Continue)** બટન ઉપર ક્લીક કરવાથી ઈન્સ્ટોલેશનની પ્રક્રિયા ચાલુ થશે. તેમાં એક સંદેશ આવશે. જેમાં યસ **(Yes)** નું બટન પસંદ કરી તેની ઉપર ક્લીક કરતાં જવું જયારે સેટઅપની પ્રક્રીયા પૂરી થશે. ત્યારે સંદેશો આવશે કે તમારૂં સ્કૂલ પ્રોફાઈલ સેટઅપ સફળતાપૂર્વક પૂરું થઈ ગયું છે. જેમાં ઓકે **(Ok)** કરવું ત્યારબાદ તમારુ કોમ્પ્યુટર રીસ્ટાર્ટ કરવાનું રહેશે. રીસ્ટાર્ટ થઈ ગયા પછી ટેરાફોન્ટ કીન્નરી કે જે - સી. ડ્રાઈવ / વિન્ડોઝ / ફોન્ટસ / ટેરાફોન્ટ કીન્નરી. **(C:\WINDOWS\Fonts\TeraFont_Kinnari)** ચેક કરવાના રહેશે.

તમારા સ્કૂલ પ્રોફાઈલ સેટઅપની ઈન્સ્ટોલેશનની પ્રક્રિયા પૂરી થાય છે.

## (૨) સોફ્ટવેરના ઉપયોગની પ્રક્રિયાઃ-

સ્ટાર્ટ/ઓલ પ્રોગ્રામમાં જઈ **(start/ All Programs)** સ્કૂલ પ્રોફાઈલના જમણી બાજુ રહેલ. સ્કૂલ પ્રોફાઈલ ઉપર ક્લીક કરવાથી આ સોફટવેરની મુખ્ય સ્કીન જોઈ શકાશે. જેમાં ડાબીબાજુ પ્રોફેશનલ વેબસાઈટ પ્લાનની વિગતો આપેલી છે. જયારે જમણી બાજુ સ્કૂલ પ્રોફાઈલ માટેની માહિતી ભરવા માટેના ફોર્મ આપેલા છે. જયારે

સૌથી ઉપર રેકોર્ડ, બેકઅપ, થીમ, ક્લોઝ **(Records/ Backup/ Themes/ Close)** જેવા મહત્વના અલગ અલગ બટન આપેલા છે.

- આ ફોર્મમાં એન્ટ્રી કરવા માટે સૌપ્રથમ તે ફોર્મ ઉપર જઈ ક્લીક કરવાથી જેતે ફોર્મ ખુલશે. જે આપ ડાબી બાજુની સ્ક્રીન ઉપર જોઈ શકશો. જેમાં તમારે તમારી વિગત ટાઈપ કરવાની રહેશે. એક ફોર્મની બધીજ વિગતો ટાઈપ થઈ જાય ત્યારબાદ સૌથી ઉપર સેવ **(Save)** બટન ઉપર જઈ ક્લીક કરવાથી તમારા ફોર્મની વિગતો સેવ **(Save)** થઈ જશે.
- ત્યારબાદ સેવની **(Save)** બાજુમાં આવેલ ડનનું **(Done)** બટન ક્લીક કરવાનું રહેશે. જે કરવાથી તમારા ફોર્મ ઉપર લોક **(Lock)** નું નિશાન આવશે. જે સુચવે છે કે તમારા ફોર્મમાં આવેલી બધી વિગતો તમે ટાઈપ કરી દીધી છે. ત્યારબાદ ડનની **(Done)** બાજુના ક્લોઝ **(Close)** ઉપર ક્લીક કરવાથી તમારું ફોર્મ બંધ થઈ જશે. ત્યારપછી બીજા ફોર્મ ઉપર જઈ તેને ક્લીક કરવાથી તે ફોર્મ ખુલશે. જેમાં રહેલી વિગતો તમારે ભરવાની રહેશે. તે ફોર્મ સેવ **(Save)**, ડન **(Done)** અને ક્લોઝ **(Close)** કરવાનું રહેશે. આ પ્રક્રિયા જયાં સુધી તમારા બધાજ ફોર્મની વિગતો પૂરી રીતે ભરાઇ જશે. અને તેને ડન **(Done)** કર્યા હશે તો ડાબી બાજુના બધાજ ફોર્મ ઉપર લોક **(Lock)** ની નિશાની દેખાશે.

**(3) સોફ્ટવેરનું બેકઅપ (Backup) લેવાની પ્રક્રિયાઃ-**

બધાજ ફોર્મની વિગતો પૂરેપૂરી ભરાઈ જાઈ ત્યાર પછી તેનુ બેકઅપ **(Backup)** લેવાનું રહેશે. તેમાટે તમારે સોથી ઉપર આવેલ બેકઅપ **(Backup)** ઉપર ક્લીક કરવાનું રહેશે. જે કરવાથી તમને મેસેજ મળશે. કે જેમાં તમે આ બેકઅપ ઈન્ટરનેટ દ્વારા મોકલશો ? જો “હા” **(Yes)** તો તમારૂં ઈન્ટરનેટ કનેકશન ચાલુ કરો. જેમાં યસ **(Yes)**, નો **(No)**, કેન્સલ **(Cancel)** એમ ત્રણ અલગ અલગ બટન્સ આપેલા છે.

- જેમાં યસ **(Yes)** ઉપર ક્લીક કરવાથી તમને તમારૂ સ્કૂલનું નામ પૂછશે. જેમાં સ્કૂલનું નામ લખ્યા બાદ તેની નીચેનું અપલોડ ફાઈલ ટુ સરવર **(Upload File to Server)** બટન પ્રેસ કરવાનું રહેશે. જે પ્રેસ કરવાથી એક બીજો મેસેજ આવશે. કે આ પ્રક્રીયા થોડો સમય લેશે. જેમાં ઓકે **(Ok)** બટન ઉપર ક્લીક કરવાથી તમારી બેકઅપ ફાઈલ ઈન્ટરનેટ મારફત સરવર ઉપર જઈ રહી છે તેની પ્રક્રિયા ચાલુ થઈ જશે. જયારે તે ફાઈલ પહોંચી જશે ત્યારે સ્કૂલ પ્રોફાઈલ અપલોડેડ સક્સેસફુલી એમ એક મેસેજ વિન્ડોની સ્ક્રીન જોઈ શકાશે. જેમાં આવેલ ઓકે **(Ok)** બટન ક્લીક કરવાનું રહેશે. જેનાં દ્વારા તમારી બેકઅપ ફાઈલ સરવર ઉપર પહોંચી જશે અને ત્યારબાદ ક્લોઝ બટન ઉપર ક્લીક કરવાથી બેકઅપની પ્રક્રિયા પૂરી થશે.
- જો તમે બેકઅપ ફાઈલ ઈન્ટરનેટ મારફત મોકલવા માંગતા ન હોય તો બેકઅપમાં આપેલ "નો" **(No)** બટન ઉપર ક્લીક કરવાનું રહેશે. જે કરવાથી તમને બેકઅપ ફાઈલનું લોકેશન પૂછશે. જયાં તમે તમારી બેકઅપ ફાઈલ સેવ કરશો. તેથી પહેલા લોકેશન સેટ કરો અને તેમાં ફાઈલનું નામ આપી સેવ કરવાથી એક સ્ક્રીન દેખાશે જેમાં લખેલુ છે કે બેકઅપ સફળતાપૂર્વક થઈ ચૂકયુ છે અને મહેરબાની કરી તે બેકઅપ ફાઈલની કોપી સી.ડી./ પેનડ્રાઈવમાં લઈ અમારી એક્ષપેડાઈટ સોલ્યુશન્સ પ્રા.લિ. ની ઓફિસ કે જે ૨૦૪ દ્વારકેશ કોમ્પ્લેક્ષ, સનફાર્મા રોડ, ઓલ્ડ પાદરા રોડ, વડોદરામાં **(Backup is Done..... Please copy the file on CD / Pendrive and send to Expedite Solutions Pvt. Ltd, 204 Dwarkesh Complex, Sun Pharma Road, Old Padra Road, Baroda)** મોકલવાની રહેશે. અને ત્યા ઓકે કરવાથી બેકઅપની પ્રક્રિયા પૂરી થશે.

ત્યારબાદ તમે આપેલા બેકઅપ ફાઈલના લોકેશન ઉપર જઈ જોવાથી તમે આપેલ ફાઈલનું નામ .mdb ફાઈલ રૂપે દેખાશે.

**(4) ફોન્ટસ (Fonts) બદલવાની પ્રક્રિયાઃ-**

ફોર્મમાં ટાઈપ કરેલ ફોન્ટને બદલવા માટે ઉપયોગી, અમુક પાનામાં **(Pages)** ટાઈપ કર્યા પછી જો આપ ફોન્ટ બદલશો તો ટાઈપ કરેલ બધાજ પાનાંની **(Pages)** માહિતી જતી રહેશે.

હવે ફોન્ટ બદલવા પહેલાં બધાજ ફોર્મ સેવ **(Save)** , ડન **(Done)** , ક્લોઝ **(Close)** કરવા પછી ઉપર રહેલ ફોન્ટસ **(Fonts)** ઉપર જઈ કલીક કરવાથી યસ **(Yes)** અને નો **(No)** બટન આવશે, જેમાં સંદેશ છે કે ફોન્ટ બદલવાથી અત્યાર સુધીની આપની તમામ માહીતી ડીલીટ **(Delete)** થઈ જશે. હવે જો તમારે ફોન્ટ ન બદલવા હોય તે નો **(No)** કલીક કરવું, પરંતું જો ફોન્ટ બદલવા હોય તો યસ **(Yes)** ઉપર કલીક કરો. તેમ કરવાથી અલગ અલગ ફોન્ટનાં નામ સાથેનું એક લીસ્ટ આવશે. તેમાંથી જેમાં ટાઈપ કરવું હોય તે ફોન્ટ પર જઈ કલીક કરી ઓકે **(OK)** કરવું અને બાજુમાં આવેલ એપ્લાઈ ફોન્ટ **(Apply Font)** પર કલીક કરવું. આમ કરવાથી એક સંદેશ આવશે કે આ બધાજ ફોર્મનાં ફોન્ટ બદલવા માંગો છો? જો બધા જ ફોર્મનાં ફોન્ટ ન બદલવા હોય તો નો **(No)** કરશો અથવા યસ **(Yes)** કરવું ત્યાર બાદ ફરીથી એક મેસેજ છે કે આ એકશન કરવાથી બધાજ ફોર્મની માહીતી ડીલીટ **(Delete)** થઈ જશે. તમારે **Continue** કરવું છે, હા તો યસ **(Yes)** કલીક કરવું. હવે મેઈન સ્ક્રીન દેખાશે અને ફરીથી પહેલા પાન ઉપર જઈ ટાઈપ કરવાથી તમે પસંદ કરેલ ફોન્ટ **(Font)** માં ટાઈપ થશે.